વંચાણે લીધાઃ નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્ર નં. કૃષમ/૧૩૨૦૧૨/
૪૦૧/મ.૩ તા. ૩૧/૦૩/૨૦૧૨

# —: પરીપત્ર :—

આથી સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓને જણાવવાનું કે વંચાણે લીધા પત્ર મુજબ આગામી કૃષિ મહોત્સવ—૧૨ તા. ૦૬/૦૫/૨૦૧૨ થી શરૂ કરી એક માસ માટે યોજાનાર છે. સદરહું પત્રથી સરકારશ્રીએ મોકલેલ માર્ગદર્શીકા જરૂરી જાણકારી અને અમલવારી અર્થે આ સાથે સામેલ છે.

વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક—૨/૩૪૪૨-૪૫/૧૨

જૂનાગઢ તા.૧૨/૦૪/૨૦૧૨

નકલ જયભારત સાથ રવાનાઃ
૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૨. સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી/પ્રાધ્યાપકશ્રી/કચેરીના વડાશ્રીઓ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૩. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪. પ્રો. કે.સી.પટેલ, નિયામકશ્રી, આઈ.ટી.સેલ, જૂ.કૃ.યુ., જૂનાગઢ તરફ ઈ—મેઈલ થવા સારૂ

ક્રમાંક : કૃષમ/૧૩૨૦૧૨/ ૪૦૧/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા : ૩૧/૩/૨૦૧૨

પ્રતિ,
-સર્વે કલેક્ટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રી
-સર્વે મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી

વિષય : કૃષિ મહોત્સવ ૨૦૧૨ - માર્ગદર્શક સૂચનાઓ

શ્રીમાન,

રાજ્યમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ કક્ષાએ આધુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વિજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારનો આગવો અભિગમ રહ્યો છે. જેમાં કૃષિ લક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

કૃષિ મહોત્સવ એ ખેતી વિસ્તરણ અને ખેડૂતોને નજીક લાવવાનો કાર્યક્રમ છે. આ કૃષિ મહોત્સવ -૨૦૧૨ વધુ લોક ભોગ્ય બને, વધુ ખેડૂતો - ખાસ કરીને યુવાનો અને મહિલાઓ વધું ભાગ લે અને તાલુકા કક્ષાએથી આયોજન અને અમલીકરણ થાય તેવું સરકારે નક્કી કરેલ છે.

આ વખતે શરૂ થનાર રાજયનો આઠમો કૃષિ મહોત્સવ તારીખ ૦૬-૦૫-૨૦૧૨ થી શરુ કરી ૩૦ દિવસ સુધી યોજવાનું નકકી કરેલ છે.

આ કૃષિ મહોત્સવ તાલુકા પંચાયત સદસ્યની બેઠક મુજબ કલ્સ્ટરવાઈઝ બેઠકના ગામમાંથી કોઈપણ એક ગામ પસંદ કરી સામાન્ય રીતે સવારે ૮.૩૦ કલાકથી રાતના ૯.૦૦ કલાક સુધી આખા દિવસનો કાર્યક્રમ યોજવાનો રહેશે. આ કાર્યક્રમમાં પસંદ કરેલ ગામમાં તાલુકા સદસ્ય બેઠકના અન્ય ગામોના ખેડૂતો અને લોકોને સાંકળવાના રહેશે.

આ કાર્યક્રમમાં સવારના પશુ આરોગ્ય કેમ્પ અને બપોરબાદ ૩.૦૦ કલાકથી કેનાલ સાફ કરવાના, તળાવ ભરવા બાબતે, ટ્યુબવેલ શરૂ કરવા, જીજીઆરસી ના કામો વગેરે સિંચાઈને સંબંધિત પરિસંવાદ યોજવાના રહેશે. ત્યારબાદ કૃષિ તેમજ અન્ય વિભાગને લગતાં પ્રદર્શન, પરિસંવાદ અને કાર્યક્રમ ગોઠવવાના રહેશે. આવા પ્રદર્શનો જે તે પસંદ કરેલ ગામમાં આગલા દિવસથી જ ગોઠવવા જેથી નિયત સમયથી બીજા દિવસના કાર્યક્રમો ચાલુ કરી શકાય.



OFFICE OF THE VICE - CHANCELLOR
JUNAGADH AGRICULTURAL UNIVERSITY
JUNAGADH.
Inward No : 529 Date: 3/4

અમલીકરણ સમિતિની રચના

જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અન્ય સબંધિત અધિકારીઓનો જિલ્લા સમિતિમાં સમાવેશ કરશે તથા તાલુકા કક્ષાએ પણ કામગીરીને અનુરૂપ સમિતિનું ગઠન કરવાનું રહેશે. તાલુકા અમલીકરણ સમિતિના અધ્યક્ષ પ્રાંત કક્ષાના અધિકારી અથવા તો કલેકટર જે અધિકારીની નિમણૂંક કરે તે અધિકારી રહેશે. તાલુકા કક્ષાએ કઈ કામગીરીને પ્રાધાન્ય આપવું તે તેમણે નક્કી કરવાનું રહેશે. આ કામગીરીમાં તાલુકા પદાધિકારી, ખેત ઉત્પન્ન બજાર સમિતિ, ડેરી તથા સ્થાનિક સહકારી બેંકનો સહયોગ લઈ કામગીરી ઉત્તમ રીતે પાર પાડે તે રીતે વ્યવસ્થા ગોઠવવા અનુગ્રહ છે. સમગ્ર કામગીરીમાં જિલ્લા કક્ષાની સમિતિ અને તાલુકા સમિતિમાં જિલ્લાના પદાધિકારી અને તાલુકાના પદાધિકારીઓના જરૂરી સંકલન અને માર્ગદર્શન લેવામાં આવે તે અત્યંત જરૂરી છે.

ગ્રામ્ય કક્ષાએ પંચાયતની બેઠક વાઈઝ કૃષિ મહોત્સવ અમલીકરણ સમિતિ બનાવવાની રહેશે. અને આવી તાલુકા અને ગ્રામ્ય કક્ષાંની સમિતિઓની બેઠક કૃષિ મહોત્સવ શરૂ થતા પહેલા બોલાવવી અને અમલીકરણ અને સ્થાનિક પ્રચાર-પ્રસાર માટે આયોજન કરવાનું રહેશે. જેમાં સ્થાનિક પદાધિકારીઓનો સમાવેશ કરવો.

કૃષિ રથ

- કૃષિ રથની કામગીરી તાલુકા કક્ષાએથી હાથ ધરાય, તેમાં થીમ, પેનલ, રથની ડીઝાઈન તાલુકા કક્ષાએથી નક્કી કરાય. તાલુકાને લગતા સ્થાનિક પાકોને અનુરૂપ થીમ હોય તે જરૂરી છે.
- કૃષિ રથની ડીઝાઈન તાલુકા કક્ષાએ નક્કી કરવામાં આવે તથા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રિઝ કોર્પોરેશન, અમદાવાદ દ્વારા માન્ય કરેલ સંસ્થાઓ પૈકી કોઇપણ સંસ્થા પાસે રથ તૈયાર કરાવી શકાશે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ટ્રેકટર અને એલસીવી અંગેના માર્ગદર્શક ભાવો તાલુકાઓને આપવામાં આવશે. જે ધ્યાને લઈ તાલુકા કમિટી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.
- કૃષિ રથ માટે ટ્રેક્ટરનો અથવા લાંબા રૂટ માટે સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ વાહનનો ઉપયોગ કરવામાં આવે તે હિતાવહ છે.
- જિલ્લા કક્ષાએથી તાલુકા થીમ ફાઈનલ કરવી. તાલુકા માટે કૃષિ મહોત્સવ અંગેનું માર્ગદર્શન, રૂટની ચકાસણી વગેરે અંગે જિલ્લા કક્ષાએથી કામગીરી કરવાની રહેશે.

કૃષિ રથ ટીમ

- દરેક કૃષિ રથ ટીમમાં કૃષિ મહોત્સવ સાથે સંકળાયેલા દરેક વિભાગના અધિકારી /કર્મચારીઓની કૃષિ વૈજ્ઞાનિક સાથે સંયુકત ટીમ અગાઉથી તૈયાર કરવી.

- કોઇ પણ કર્મચારી/અધિકારીશ્રીને રથ ટીમમાં ૭ દિવસથી વધારે કામગીરી સોંપવી નહિ. કૃષિ રથમાં દરેક અધિકારીશ્રીઓને સામેલ કરવા.

પ્રગતિશીલ ખેડૂતોનો ઉપયોગ

- આગળ પડતા અને પ્રગતિશીલ ખેડૂતોના નામ તથા સિધ્ધી બોર્ડમાં ફોટા સહિત ગ્રામ્ય કક્ષાએ પ્રદર્શિત કરવા જેથી અન્યોને પ્રોત્સાહન મળે. દરેક તાલુકામાં ૧૦ થી ૧૨ પ્રગતિશીલ ખેડૂતોને તૈયાર કરવા. સવારે પ્રગતિશીલ બહેનોને પણ સામેલ કરી શકાય.
- કૃષિ મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન પ્રગતિશીલ ખેડૂતોને આમંત્રી તેમનું જાહેરમાં સન્માન કરવું તથા તેમના ખેતી વિષયક અનુભવોનો વધુ લાભ લઈ શકાય તે રીતે કાર્યક્રમોનું આયોજન કરવું.
- દરેક તાલુકામાં પ્રગતિશીલ ખેડૂતો / સીડ કંપનીઓ ધ્વારા સેમીનારનું આયોજન કરવું.
- રાજ્ય બહારના નિષ્ણાતોને બોલાવી તેમના કૃષિ વિષયક જ્ઞાન અને વક્તવ્યનો લાભ આપી શકાય. ગામમાં પ્રગતિશીલ ખેડૂતોની મીટીંગ બોલાવી ખેડૂતોની જરૂરીયાત જાણી લેવી. ખેડૂતોના પ્રવાસનું આયોજન કરવું.
- જ્યાં બહેનોનું પ્રમાણ વધુ છે, ખેતીમાં બહેનો વધુ ભાગ લે છે ત્યાં બહેનો માટે ખાસ કાર્યક્રમ યોજાય તો સારૂં.

કૃષિ મહોત્સવ કાર્યક્રમો

- કૃષિ ઈનપુટ્સ તેમજ ખેત સામગ્રીમાં જે તે દિવસ પુરતું હાજર રહેલ ખેડૂતોને ખાસ વળતર મળે તે અંગે અગાઉથી ઉત્પાદક કંપનીઓ, ખેત ઉત્પાદન બજાર સમિતિઓ તાલુકા / જિલ્લા સંઘ, સેવા સહકારી/દૂધ ઉત્પાદક સહકારી મંડળી કે સરકારશ્રીના જાહેર સાહસો/નિગમ દ્વારા મળે તેવું આયોજન કરી અગાઉથી આ અંગે પ્રચાર-પ્રસાર કરવો.
- સરકારશ્રીની વ્યક્તિગત સહાય યોજનાની તમામ અરજીઓ અગાઉથી એકત્રીત કરવી અને અરજી અંગેની આનુસાંગિક તમામ કાર્યવાહી (મંજૂરી સુધીની) ૩૦મી એપ્રિલ ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યાર બાદ આ અંગે ગ્રામ સભામાં તેનુ વાંચન થઈ જાય કે જેથી યોજનામાં પારદર્શકતા આવે.
- કૃષિ મહોત્સવ કાર્યક્રમ પહેલાં કૃષિ અને બાગાયતી પાકોના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પ્રશ્નો એકત્રિત કરી તે અંગેની કાર્યક્રમોમાં ચર્ચા કરવી. ખેડૂતો સાથેનો વાર્તાલાપ અને ચર્ચા સામાન્ય રીતે સ્થાનિક અને લોકભોગ્ય ભાષામાં થાય તેવી આશા રાખવામાં આવે છે. આવી ચર્ચાઓ, ખેડૂતોની ફરિયાદો, સૂચનો અને વૈજ્ઞાનિકોના વક્તવ્યના વિડિયો

રેકોર્ડીંગ કરી લેવામાં આવે. તે સિવાય કૃષિ રથ પહોંચે અને વિદાય થાય તે ઘટનાઓ પણ વિડિયો રેકોર્ડીંગ કરી તેની ક્લીપ મોકલી આપવાની રહેશે.

- કૃષિ રથના દિવસે સોઇલ ન્યુટ્રીયન્ટ અને માઇક્રોન્યુટ્રીયન્ટની દરેક ગામમાં ચર્ચા થાય તેવું આયોજન કરવું.
- કૃષિ મહોત્સવના દરેક વક્તવ્યમાં શક્ય હોય તો ખેતરોના મુખ્ય પાક લીધા પછી જે વેસ્ટ ખેતરોમાં બચે છે તેનો બાયોમાસ તરીકે ફરીથી ઉપયોગ કરવાનો ઉલ્લેખ કરવો.
- કૃષિ મહોત્સવ દરમ્યાન સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવાનું રહે છે. તેથી તાલુકાવારનું તે મુજબ આયોજન કરવાનું રહે છે.
- ગામના ખેડૂતોને કેવા બિયારણની જરૂર છે તે અગાઉથી જાણી લઈ ગુજરાત સીડ કોર્પોરેશન મારફત ખેડૂતોની માંગણી મુજબના બીજ તે દિવસે ખેડૂતોને મળી રહે તે મુજબનું આયોજન કરવાનું રહેશે. દા.ત. બી.ટી કોટન અને તેની સાથે Micro Nutrient. દિવેલા, ડાંગર, મકાઈ, કઠોળ પાક, શાકભાજીના પાકો, વગેરેમાં સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ જાતો સાથેના બિયારણનું માર્કેટીંગ (બજાર) વ્યવસ્થા ઉભી કરી બિયારણ ખેડૂતોને માંગણી મુજબ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ગામમાં જે ખેડૂતોનું પાક ઉત્પાદન સામાન્ય સરેરાશ કરતા ઓછું આવે તેની યાદી બનાવી. વધુ ઉત્પાદન મેળવવા માટે ચર્ચા વિચારણા કરી સમજણ આપવામાં આવે તે જરૂરી છે. આ કામગીરી કૃષિ રથના આગલા દિવસોમાં પણ કરી શકાય. આવા લક્ષ્યાંક જૂથો ઉભા કરી વધુ ફાયદા મેળવી શકાય.
- આ કૃષિ મહોત્સવમાં નાના અને સીમાંત ખેડૂતોને બાગાયત ખેતી તરફ વાળી અને નેટ હાઉસ અને ગ્રીન હાઉસ ની તાલીમ આપવી.
- પશુ ઘાસચારાની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ડેરી સાથે સંકલન કરી જરૂરીયાતને પહોંચી વળવા આયોજન કરવું.
- કૃષિ રથ પહેલાં ગામમાં ચાર-પાંચ ખેડૂતોને કે જેઓ હાઈ ટેક્નોલોજીથી પરીચિત હોય અને ઉપયોગ કરી શકે તેમના સંમેલન અને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન દાત. નેટ હાઉસ, ગ્રીન હાઉસ. પેક હાઉસ. ઓર્ગેનિક ફાર્મિંગ વગેરે બાબતોના કરી શકાય. જેથી કૃષિ રથ દરમ્યાન તેઓ અન્ય ગ્રામજનો સમક્ષ પોતાની જાણકારી રજૂ કરી શકે. આ સિવાય તેઓનો જિલ્લા બહાર પણ પ્રવાસ ગોઠવી તેમને તે વિસ્તારના પાકોમાં વપરાતી અધ્યતન પદ્ધતિનું જ્ઞાન આપી શકાય અને તેમના આ જ્ઞાનનો લાભ બીજા ખેડૂતોને આપવા માટે આવા ખેડૂતોના વક્તવ્ય ગોઠવી શકાય.
- દરેક ગામમાં નિદર્શન, બ્લોક ડેમોન્સ્ટ્રેશન, બીજનું વિતરણ. ખેડૂત-તાલીમ ચાલુ થાય તેની આગોતરી ગોઠવણ કરવાની રહે છે.
- તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા રાત્રે કલ્ચરલ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

- મહિલાઓ માટે કેનિંગ, કીચન ગાર્ડનિંગ તથા રૂફ ટોપ વેજીટેબલ કલ્ટિવેશન જેવા માહિતીપ્રદ વર્ગોનું આયોજન કરી શકાય.
- કૃષિ યુનિવર્સિટી દ્વારા, ઝોનવાર, સ્થળ નકકી કરવા અંગે સરકારશ્રીની પૂર્વ મંજૂરી લઈ મેગા કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.
- ઉદઘાટન, લોકાર્પણ, ખાત મુહુર્ત કે જાહેર જનતાને લગતા કાર્યક્રમો પણ કૃષિ મહોત્સવ દરમ્યાન સાંકળી લેવા.
- કૃષિ અને બાગાયત ખાતા દ્વારા જે તે જિલ્લાના વિશિષ્ટ પાકો માટે ઓછામાં ઓછા બે તાલુકા નકકી કરી આ કાર્યક્રમમાં જાહેર કરવા. દા.ત. મુંદ્રા – ખારેક તાલુકો, તાલાલા – કેસર કેરી તાલુકો, ડીસા – MIS તાલુકો.

જળ સંગ્રહ શકિતનો વિકાસ

- ગામ તળાવ,સીમ તળાવ, ખેત તલાવડી, બોરીબંધ, ચેક ડેમ જેવા પાણી સંગ્રહ કરતા તળાવોનું ૩૧ મે પહેલા સાફ સફાઈ કરવી. બોરીબંધનું અભિયાન વેગવાન બનાવવું તથા ખેત તલાવડીઓ ઊભી કરવી. (અમલીકરણ – જિલ્લા ગ્રામવિકાસ એજન્સી ,જમીન વિકાસ નિગમ, જળ સંપત્તિ વિકાસ વિભાગ)
- નાની અને મોટી સિંચાઈ યોજનાને કેનાલ રિપેરીંગ,સાફ સફાઈ જેવું કામ તથા જુના ચેક ડેમો રિપેરીંગ કે જેની વહીવટી મંજૂરી અપાઈ ગયેલ છે તે તમામ કામો ૧૫ જુન પહેલા પૂર્ણ કરવું. (અમલીકરણ – જળ સંપત્તિ વિભાગ)
- વન વિભાગ દ્વારા પાણી સંગ્રહ માટે ટેરેસ તલાવડીનાં કામ જે ૨૦૧૦ માં હાથ ધરવામાં આવ્યા હતા તે કામગીરી ફરીથી કાર્યાન્વિત કરવી. આ માટેનો ખર્ચ નરેગામાં કરવો.
- સરકારી અને સહકારી કુવા કે બોરમાંથી પાણી મેળવતા ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન નીચે આવરી લેવા આયોજન કરવું. (અમલીકરણ – જળ સંપત્તિ વિભાગ, કૃષિ વિભાગ, GGRC)

સ્થાનીક સંસ્થાઓનો સહયોગ :

ગ્રામ કક્ષાએ શાળાના આચાર્ય, એગ્રો બીઝનેસમેન, આરોગ્ય કેન્દ્ર, સ્વૈચ્છીક સંસ્થાઓ, સખી મંડળ, સહકારી મંડળીઓ, ફાર્મર્સ ક્લબ, વિશિષ્ટ ખેડૂત જૂથો, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ વગેરે નો સમાવેશ કરી તેમને કૃષિ મહોત્સવ સંબંધે પત્રો અથવા શક્ય હોય તો એસ.એમ.એસ. દ્વારા અગાઉથી જાણકારી આપવી અને તેમનો સહયોગ મેળવવો.

કૃષિ કીટ વિતરણ

ગ્રામસભામાં લાભાર્થીઓની (વેઇટીંગ સાથે) યાદી તૈયાર કરી ડેટા એન્ટ્રી કરવી. કૃષિ મહોત્સવ કાર્યક્રમ વખતે કીટ્સનું જાહેરમાં વિતરણ થાય તે અંગેના ફોટો પાડી અપલોડ કરવા.

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે નક્કી કરેલ લાભાર્થી કીટ્સ વિતરણ વખતે ઘણી વખત હાજર રહેતા નથી. આથી લાભાર્થીઓની યાદી અગાઉથી તૈયાર કરી અને તેમાં થોડા વધારે લાભાર્થીઓના નામ (પ્રતિક્ષા યાદી) પણ તૈયાર રાખવા, જેથી અગાઉથી નકકી કરેલા લાભાર્થીઓ હાજર ના હોય તો પ્રતિક્ષા યાદીમાંથી લાભાર્થી પસંદ કરી તાત્કાલિક સ્થળ પર કીટ વિતરણ કરવું. જો આવા લાભાર્થીઓ પણ હાજર ન હોય તો કીટ વિતરણ કરવાનું રહેશે નહિ. ટૂંકમાં જરૂરીયાતમંદ લાભ મેળવનાર વ્યક્તિએ ખરેખર હાજર રહેવું અનિવાર્ય છે.

## પ્રચાર પ્રસાર અને સાહિત્ય વિતરણ

- સ્થાનિક પ્રચાર પ્રસારની કામગીરી કેવી રીતે હાથ ધરવી તે તાલુકા અને જિલ્લા કક્ષાએ નકકી કરવાનું રહેશે.
- રેડિયો. ટેલીવીઝન. જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ. બેનર્સ સ્થાનિક કેબલનો સહકાર. અખબારી જાહેરાત વગેરે કામગીરી માહિતી ખાતા દ્વારા કરવાની રહેશે. આ માટે માહિતી કમિશ્નરશ્રી દ્વારા અલાયદી સૂચનાઓ આપવામાં આવશે. (અમલીકરણ-માહિતી કમિશ્નરશ્રી)
- સ્થાનિક પાકને અનુરૂપ ખેતી પધ્ધતિ તેમજ નવીનતમ ટેકનોલોજી અંગેનું સ્થાનિક ભાષામાં ઈ-સાહિત્ય (ઓડિયો વિઝયુઅલ સીડી) કૃષિ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરી ગામ દીઠ ૫ થી ૧૦ સીડીનું વિતરણ કરવાનું રહેશે.
- કૃષિ મહોત્સવના કાર્યક્રમના દરેક સ્થળે કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ લગત સાહિત્યની મોબાઈલ લાઈબ્રેરી જે તે દિવસે રાખવી.
- સોઈલ હેલ્થ અંગે ભીંત સૂત્રો સ્થાનિક વિસ્તરણ કાર્યક્રમો મારફત લખાવડાવવા.

આઈ.ટી. બેઝ બ્રોડકાસ્ટીંગ અંગેની કામગીરી અધિક મુખ્ય સચિવશ્રી (આઈ.ટી.) દ્વારા હાથ ધરવાની રહેશે. આ અંગે તેમની કચેરીના પરામર્શમાં કાર્યવાહી કરવાની થશે.

પશુમેળા. પશુઆરોગ્ય કેમ્પ / પરિસંવાદ તથા સહકાર વિભાગ સંબંધિત કાર્યક્રમોની સૂચનાઓ સચિવશ્રી. સહકાર અને પશુપાલન તરફથી અલાયદી આપવામાં આવશે.

કૃષિ મહોત્સવ દરમ્યાન રોજેરોજ થતી કામગીરીની વિગતો ઓનલાઇન મોકલી આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

અમો આશા રાખીએ છીએ કે આ કામગીરીમાં આપના જિલ્લાના માન. પ્રભારી મંત્રીશ્રી તથા પ્રભારી સચિવશ્રીનો વિશ્વાસ મેળવી તેમના જ્ઞાન અને અનુભવનો લાભ લેશો.

દરેક કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અનુગ્રહ કરવામાં આવે છે કે તેઓ દર ૧૫ દિવસે ઈ-મેઈલથી કૃષિ મહોત્સવ સંબંધી થયેલ તમામ કામગીરી અને વિગતોથી રાજ્ય સરકારને અવગત કરે તથા આપને જો કોઈ જરૂરીયાત હોય કે પ્રશ્ન હોય તો તે અંગે સરકારનું ધ્યાન દોરવા વિનંતી છે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

R.T. Christian

(આર.ટી ક્રિશ્ચિયન)

નાયબ સચિવ,

કૃષિ અને સહકાર વિભાગ

નકલ રવાના :-

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, (કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રી / રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ.પા, મ.ઉ. ગૌસં.), કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી (સચિવાલયના સર્વે વિભાગો).
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે અધિકારીઓ
- સર્વે ખાતાનાં વડા / બોર્ડ /નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / સંસ્થા/ એજન્સી (કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળના)
- સર્વે જિલ્લા ખેતી / બાગાયત / પશુપાલન / મત્સ્યોદ્યોગ / રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) મદદનીશ નિયામક (જમીન સંરક્ષણ- જમીન વિકાસ નિગમ)
- વિભાગની સર્વે શાખાઓ (રોકડ, ટાઈપ, રજીસ્ટ્રી સિવાય)

કૃષિ મહોત્સવ-૨૦૧૨ અંતર્ગત કલસ્ટર બેઇજ એક દિવસીય મોડેલ કાર્યક્રમ

(સ્થાનિકપરિસ્થિતિ મુજબ ફેરફારને પાત્ર)

| સમય (કયાં થી કયાં સુધી) | યોજવાના કાર્યક્રમોની વિગત. | કાર્યક્રમ આયોજક/વકતા |
|---|---|---|
| ૮-૩૦ થી ૧૩-૦૦ કલાક | પશુ આરોગ્ય કેમ્પ અને પશુ સારસંભાર માટે માર્ગદર્શન | પશુપાલન ખાતાના અધિકારી /પશુપાલન વૈજ્ઞાનીકશ્રીઓ |
| ૧૩-૦૦ થી ૧૫-૦૦ કલાક | બ્રેક | |
| ૧૫-૦૦ થી ૧૬-૦૦ કલાક | જળ સંચય કેનાલ સફાઇ, માઇક્રોઇરીગેશન વિષયો ઉપર પરીસંવાદ અને કામગીરીના આયોજનની ચર્ચા | જી.જી.આર.સી., ડી.આર.ડી.એ. અને જળ સંપત્તિ વિભાગ, જી.એલ.ડી.સી. |
| ૧૬-૦૦ થી ૧૭-૦૦ કલાક | પ્રદર્શન અને નિદર્શન અંગે માર્ગદર્શન અને કિટ વિતરણ | કૃષિ રથ ટીમ |
| ૧૭-૦૦ થી ૧૮-૦૦ કલાક | સ્થાનિક પ્રગિતશીલ ખેડૂતોના અનુભવોનું આદાન-પ્રદાન | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૮-૦૦ થી ૧૯-૦૦ કલાક | કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ ધ્વારા ખેડૂતોપયોગી સ્થાનિક પ્રશ્નો અંગે માર્ગદર્શન | કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ |
| ૧૯-૦૦ થી ૨૦-૦૦ કલાક | હાઇટેક હોર્ટીકલ્ચર/બજાર વ્યવસ્થા /સ્થાનિક પાક અંગેના ફીલ્મ શો. | એ.પી.એમ.સી., બાગાયત નિષ્ણાતો |
| ૨૦-૦૦ થી ૨૧-૦૦ કલાક | સરકારશ્રીની સહાય યોજનાઓની સમજ/ સાંસકૃતિક કાર્યક્રમ | લાઇન ડીપર્ટમેન્ટના અધિકારીશ્રીઓ/માહિતીખાતું |